# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 21-08-2026** **MIDDAY: 1.20 TO 1.30**
**Day: FRIDAY** **National News**

આકાશવાણી સમાચાર **સંસ્કૃતિ ભુંડીયા** વાંચે છે.

*****************************************************

1. કેન્દ્રીય સંદેશાવ્યવહાર મંત્રી જ્યોતિરાદિત્ય સિંધિયાની અધ્યક્ષતામાં 12મી બ્રિક્સ સંચાર મંત્રીઓની બેઠક પુણેમાં શરૂ.ભારત – બ્રાઝિલ વચ્ચે કરાર.
2. વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રી પીયૂષ ગોયલે કહ્યું કે, સિંગાપોર અને એશિયા સાથે આર્થિક ભાગીદારીને વધુ ગાઢ બનાવવા ભારત કટિબધ્ધ.
3. ઇસ્લામાબાદની એક ખાનગી હોસ્પિટલમાં તબીબી તપાસ બાદ પાકિસ્તાનના ભૂતપૂર્વ પ્રધાનમંત્રી ઇમરાન ખાન રાવલપિંડીની અદિયાલા જેલમાં પરત.
4. આઠ લોકો સાથેનું એક યુએસ ચાર્ટર વિમાન પશ્ચિમ અલાસ્કામાં દુર્ઘટનાગ્રસ્ત થતાં તમામ લોકોના મોત.
5. હોકી વિશ્વ કપમાં ભારતીય મહિલા ટીમ આજે યજમાન નેધરલેન્ડ્સ સામે રમશે.

-----------------------------------

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

હવે પછી આપ બે વાગીને 30 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો...

# DAY BRICS-COMM MINISTERS MEET

પુણેમાં કેન્દ્રીય સંદેશાવ્યવહાર મંત્રી જ્યોતિરાદિત્ય સિંધિયાની અધ્યક્ષતામાં 12મી બ્રિક્સ સંચાર મંત્રીઓની બેઠક ચાલી રહી છે. બ્રિક્સ સભ્ય દેશોના સંચાર મંત્રીઓ અને વરિષ્ઠ પ્રતિનિધિઓ માહિતી અને સંદેશાવ્યવહાર ટેકનોલોજી, ડિજિટલ પરિવર્તન, નવીનતા અને સ્થિતિસ્થાપક ડિજિટલ માળખામાં સહયોગને મજબૂત બનાવવા અંગે ચર્ચા કરી રહ્યા છે. આ બેઠકનો વિષય છે: સ્થિતિસ્થાપક ભવિષ્ય માટે નવીનતા, સહકાર અને પરિવર્તન.

આ બેઠક BRICS સભ્ય દેશોને ઉભરતી ટેકનોલોજી, ડિજિટલ જાહેર માળખાગત સુવિધા, ભવિષ્યના નેટવર્ક, સાયબર સુરક્ષા, ક્ષમતા નિર્માણ અને સમાવિષ્ટ ડિજિટલ કનેક્ટિવિટી પર વિચારોનું આદાનપ્રદાન કરવા માટે એક પ્લેટફોર્મ પૂરું પાડે છે. આ બેઠક બ્રિક્સ દેશો અને વિકાસશીલ અને ઓછા વિકસિત દેશોમાં ડિજિટલ પરિવર્તનને ટેકો આપવા માટે સહયોગને આગળ વધારવા અને શ્રેષ્ઠ પ્રથાઓ શેર કરવા પર પણ ધ્યાન કેન્દ્રિત કરશે.

# INDIA-BRAZIL MOU

ભારત અને બ્રાઝિલે બ્રિક્સ આઇસીટી ટ્રેક મીટિંગ દરમિયાન ટેલિકોમ્યુનિકેશન અને માહિતી અને સંદેશાવ્યવહાર ટેકનોલોજી (ICT)માં સહયોગને વધુ ગાઢ બનાવવા માટે સમજૂતી કરાર પર હસ્તાક્ષર કર્યા છે. એક સોશિયલ મીડિયા પોસ્ટમાં, ટેલિકોમ્યુનિકેશન વિભાગે જણાવ્યું હતું કે, આ કરાર ડિજિટલ નવીનતાને આગળ વધારશે, ડિજિટલ માળખાગત સુવિધાને મજબૂત બનાવશે અને ઉભરતી ટેકનોલોજીમાં સહયોગને પ્રોત્સાહન આપશે. પુણેમાં 12મી બ્રિક્સ સંચાર મંત્રીઓની બેઠક દરમિયાન કેન્દ્રીય સંચાર મંત્રી જ્યોતિરાદિત્ય એમ. સિંધિયા અને બ્રાઝિલના સંચાર મંત્રી શ્રી ફ્રેડરિકો ડી સિક્વેરા ફિલ્હો દ્વારા આ સમજૂતી કરાર પર હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા.

કેન્દ્રીય મંત્રી સિંધિયાએ એક પોસ્ટમાં જણાવ્યું હતું કે, આ સમજૂતી કરાર સાર્વત્રિક જોડાણ, સાયબર સુરક્ષા, ડિજિટલ જાહેર માળખાગત સુવિધા, ઉભરતી ટેકનોલોજી, ક્ષમતા નિર્માણ અને શ્રેષ્ઠ પ્રથાઓના આદાનપ્રદાન પર દ્વિપક્ષીય સહયોગને વધુ ગાઢ બનાવશે. તેમણે આ કરારને સુરક્ષિત અને સમાવિષ્ટ ડિજિટલ ભવિષ્ય માટે ભારત-બ્રાઝિલ સહયોગને મજબૂત બનાવવા માટે એક મજબૂત પગલું ગણાવ્યું.

# PIYUSH GOYEL

વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રી પીયૂષ ગોયલે સિંગાપોર અને સમગ્ર એશિયા સાથે આર્થિક ભાગીદારીને વધુ ગાઢ બનાવવાની ભારતની પ્રતિબદ્ધતા પર ભાર મૂક્યો છે, સાથે સાથે મજબૂત બિઝનેસ-ટુ-બિઝનેસ સહયોગને પ્રોત્સાહન આપ્યું છે. ભારત-સિંગાપોર બિઝનેસ ફોરમ ખાતે બિન-લાભકારી બિઝનેસ સ્કૂલ INSEAD ના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ અને વિદ્યાર્થીઓ, સિંગાપોરના ઉદ્યોગસાહસિકો અને ભારતીય વ્યવસાયોને સંબોધતા, મંત્રીએ ભારતના મજબૂત વિકાસ માર્ગ, રોકાણની તકો અને પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વ હેઠળ વ્યવસાય કરવાની સરળતા વધારવાના સરકારના પ્રયાસો પર પ્રકાશ પાડ્યો.

ગોયલે ભારતના કૃષિ અને પ્રોસેસ્ડ ફૂડ ઉત્પાદનોની વિવિધ શ્રેણીના નિકાસના વિસ્તરણ માટે આયોજિત APEDA-FairPrice રોડ શો-કમ-ઇનસ્ટોર પ્રમોશનમાં સિંગાપોરના વિદેશ અને વેપાર અને ઉદ્યોગ રાજ્યમંત્રી ગાન સિઓવ હુઆંગ અને અન્ય મહાનુભાવોને પણ મળ્યા હતા.

# DAY JAIPUR-BRICS

ભારતની બ્રિક્સ અધ્યક્ષતા 2026 હેઠળ, બ્રિક્સ પર્યટન મંત્રીઓની બેઠક આજે બપોરે જયપુરમાં શરૂ થશે. આ બે દિવસીય બેઠકમાં બ્રિક્સ સભ્ય દેશોના પર્યટન મંત્રીઓ અને વરિષ્ઠ અધિકારીઓ ભાગ લેશે. જેમાં પ્રવાસન ક્ષેત્રમાં સહયોગ મજબૂત કરવા પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવશે. બેઠકમાં ટકાઉ અને જવાબદાર પર્યટન, કૌશલ્ય વિકાસ, સરળ મુસાફરી અને પ્રવાસનમાં ટેકનોલોજી અને કૃત્રિમ બુદ્ધિમત્તાનો ઉપયોગ જેવા  મહત્વપૂર્ણ વિષયો પર ચર્ચા થશે.

મંત્રી સ્તરીય આ બેઠક બ્રિક્સ દેશો વચ્ચે પર્યટન સહયોગને વધુ મજબૂત બનાવશે અને પ્રવાસીઓના ટ્રાફિક અને જોડાણને વધારવામાં મદદ કરશે તેવી અપેક્ષા છે.

# GOVT - PM AASHA

સરકારે પાક માટે લઘુત્તમ ટેકાના ભાવનો લાભ નાના અને સીમાંત ખેડૂતો સહિત તમામ ખેડૂતો સુધી પહોંચે તે સુનિશ્ચિત કરવા માટે અનેક પગલાં લીધા છે. આવી જ એક પહેલ પ્રધાનમંત્રી અન્નદાતા આય સંરક્ષણ અભિયાન (PM ASHA) છે, જે સપ્ટેમ્બર 2018માં શરૂ કરવામાં આવી હતી. તેનો ઉદ્દેશ્ય ગ્રાહકો માટે ભાવ સ્થિરતા અને ખેડૂતોને તેમના શ્રમ માટે વાજબી ભાવ મળે તે સુનિશ્ચિત કરવાનો છે.

કૃષિ અને ખેડૂત કલ્યાણ મંત્રાલયે જણાવ્યું કે, છેલ્લા ઘણા વર્ષોમાં આ યોજના માટે બજેટ ફાળવણીમાં નોંધપાત્ર વધારો થયો છે. 2024-25માં આ યોજના હેઠળ વાસ્તવિક ખર્ચ આશરે પાંચ હજાર 400 કરોડ હતો, જે 2026-27માં વધીને સાત હજાર કરોડથી વધુ થઈ ગયો છે.

# SC - LEGAL PRACTICE

સુપ્રીમ કોર્ટે આજે મે 2025ના પોતાના ચુકાદામાં સુધારો કરીને એન્ટ્રી-લેવલ જ્યુડિશિયલ સર્વિસ પરીક્ષાઓમાં બેસવા માંગતા કાયદાના સ્નાતકો માટે અગાઉ ફરજિયાત ત્રણ વર્ષની કાનૂની પ્રેક્ટિસની જરૂરિયાત ઘટાડીને એક વર્ષ કરી દીધી છે. મુખ્ય ન્યાયાધીશ સૂર્યકાંત અને ન્યાયાધીશ એ.જી. મસીહ અને કે. વિનોદ ચંદ્રનની બનેલી બેન્ચે 2:1 ના વિભાજિત નિર્ણયમાં સમીક્ષા અરજી ફગાવી દીધી હતી.

બેન્ચે કહ્યું કે 25મે 2025 અને 31 માર્ચ 2027 વચ્ચે સૂચિત ન્યાયિક સેવા પરીક્ષાઓમાં હાજર રહેલા ઉમેદવારો, અગાઉના અનુભવને ધ્યાનમાં લીધા વિના પાત્ર રહેશે. જો કે, આ પરીક્ષાઓ દ્વારા પસંદ કરાયેલા ઉમેદવારોને શરૂઆતમાં તાલીમાર્થી ન્યાયિક અધિકારીઓ તરીકે નિયુક્ત કરવામાં આવશે અને તેમને ન્યાયિક એકેડેમીમાં એક વર્ષની તાલીમ લેવી પડશે, ત્યારબાદ માળખાગત ક્લાર્કશીપનો બીજો વર્ષ પસાર કરવો પડશે.

ગયા વર્ષે 20 મેના રોજ, સુપ્રીમ કોર્ટે નવા કાયદા સ્નાતકોને એન્ટ્રી-લેવલ જ્યુડિશિયલ સર્વિસ પરીક્ષામાં બેસવા પર પ્રતિબંધ મૂક્યો હતો, જેમાં ઓછામાં ઓછા ત્રણ વર્ષની કાયદા પ્રેક્ટિસ માપદંડ નક્કી કરવામાં આવ્યો હતો.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

# PHARMA - MEDICAL DEVICE

ફાર્માસ્યુટિકલ્સ વિભાગના સચિવ મનોજ જોશીએ આજે મેડિકલ ડિવાઇસ ઉદ્યોગને ભારતના નિયમનકારી માળખાના વિકાસમાં વધુ યોગદાન આપવા વિનંતી કરી. નવી દિલ્હીમાં CII ગ્લોબલ મેડટેક પરિષદમાં બોલતા, શ્રી જોશીએ જણાવ્યું કે, નિયમનકારી ચર્ચાઓમાં ઉદ્યોગની ભાગીદારી હાલમાં મર્યાદિત છે.

તેમણે કહ્યું કે, મેડિકલ ડિવાઇસમાં દવાઓથી અલગ નિયમનકારી માળખું હોવું જોઈએ. શ્રી જોશીએ મેડિકલ ડિવાઇસ ડિઝાઇન અને ફિનિશ્ડ પ્રોડક્ટ્સ બંનેના મજબૂત પરીક્ષણની જરૂરિયાત પર પણ પ્રકાશ પાડ્યો.

# DELHI POLICE - CYBER

દિલ્હી પોલીસના સાયબર સેલે આંતર-રાજ્ય ડિજિટલ એરેસ્ટ સાયબર-છેતરપિંડી નેટવર્કનો પર્દાફાશ કર્યો છે અને પંજાબ અને રાજસ્થાનમાંથી ચાર આરોપીઓની ધરપકડ કરી છે. આ ધરપકડ એક કેસના સંદર્ભમાં કરવામાં આવી છે જેમાં ભારતીય સેનાના નિવૃત્ત કર્નલ સાથે 15 લાખ રૂપિયાથી વધુની છેતરપિંડી કરવામાં આવી હતી. પોલીસે આરોપીની ધરપકડ કરી છે, જેણે કથિત રીતે ટેલિગ્રામ દ્વારા એકાઉન્ટ્સ મેળવવા અને કંબોડિયા અને યુએઈમાં છેતરપિંડી ઓપરેટરોને સપ્લાય કરવાની કબૂલાત કરી હતી.

પોલીસે જણાવ્યું હતું કે આ એકાઉન્ટ અનેક રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં કરોડોના વ્યવહારો સાથે સંકળાયેલી 17 ફરિયાદો સાથે જોડાયેલું હતું. પોલીસે ગુનામાં ઉપયોગમાં લેવાયેલા ચાર સ્માર્ટફોન અને છ સિમ કાર્ડ જપ્ત કર્યા છે.

# PIB FACT CHECK- INDIA POST

સરકારે ઈન્ડિયા પોસ્ટના નામે ઓનલાઈન ફરતા એક નકલી સર્વેનો પર્દાફાશ કર્યો છે જેમાં લોકોને 20 હજાર રૂપિયાના રોકડ ઈનામનો દાવો કરીને અંગત માહિતી શેર કરવાનું કહેવામાં આવી રહ્યું છે.

પ્રેસ ઇન્ફર્મેશન બ્યુરો (PIB) ના ફેક્ટ-ચેકિંગ યુનિટે સ્પષ્ટતા કરી છે કે આ સર્વે નકલી છે અને ફિશિંગનો પ્રયાસ છે. PIB એ એમ પણ જણાવ્યું કે, ઈન્ડિયા પોસ્ટે આવા કોઈપણ સર્વે, ક્વિઝ સ્પર્ધા અથવા રોકડ ભેટને સમર્થન કે અધિકૃત કર્યું નથી. કોઇપણ વ્યક્તિએ પોતાની વ્યક્તિગત માહિતી શેર ન કરવા પણ અપીલ કરવામાં આવી છે.

# IMRAN KHAN - HOSPITAL

ઇસ્લામાબાદની એક ખાનગી હોસ્પિટલમાં તબીબી તપાસ કરાવ્યા બાદ પાકિસ્તાનના ભૂતપૂર્વ પ્રધાનમંત્રી ઇમરાન ખાનને આજે સવારે રાવલપિંડીની અદિયાલા જેલમાં પાછા ખસેડવામાં આવ્યા હતા.

સુપ્રીમ કોર્ટના 18 ઓગસ્ટના આદેશ અનુસાર, ખાનને મધ્યરાત્રિ બાદ શિફા ઇન્ટરનેશનલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા, જેમાં તેમને બે દિવસમાં ત્યાં ટ્રાન્સફર કરવાનો નિર્દેશ આપવામાં આવ્યો હતો. એક સોશિયલ મીડિયા પોસ્ટમાં, માહિતી મંત્રી અત્તાઉલ્લાહ તરારે પુષ્ટિ કરી હતી.

# US PLANE CRASH

આઠ લોકો સાથેનું એક યુએસ ચાર્ટર વિમાન પશ્ચિમ અલાસ્કામાં એક અંતરિયાળ રડાર સાઇટ પર ક્રેશ થયું, જેમાં સવાર તમામ લોકોના મોત થયા. યુએસ સૈન્યના જણાવ્યા અનુસાર, આ દુર્ઘટના ગઈકાલે રાત્રે અલાસ્કાના એન્કોરેજથી લગભગ 725 કિલોમીટર પશ્ચિમમાં કેપ ન્યુએનહામ લોંગ રેન્જ રડાર સાઇટ એરપોર્ટ પર થઈ હતી.

ફેડરલ એવિએશન એડમિનિસ્ટ્રેશનએ જણાવ્યું હતું કે, સેસ્ના 441 એન્કોરેજથી ઉડાન ભરી હતી ત્યારે કેપ ન્યુએનહામ તરફ જઈ રહ્યું હતું. વિમાન કેપ ન્યુએનહામ લોંગ રેન્જ રડાર સાઇટ પર મુસાફરી કરી રહેલા કર્મચારીઓને લઈ જઈ રહ્યું હોવાનું કહેવાય છે.

અલાસ્કન કમાન્ડના કમાન્ડર, યુએસ એર ફોર્સ લેફ્ટનન્ટ જનરલ રોબર્ટ ડેવિસે આ ઘટનાને લશ્કર અને સ્થાનિક સમુદાયો માટે નુકસાનરૂપ ગણાવ્યું.

# TRUMP ON IRAN

અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે કહ્યું કે, અમેરિકા ઈરાન સાથે જોડાયેલા વ્યૂહાત્મક જળમાર્ગોને "આવશ્યક રીતે નિયંત્રિત" કરી રહ્યું છે અને ટૂંક સમયમાં સંપૂર્ણ નિયંત્રણ કરી લેશે, અને પુનરોચ્ચાર કર્યો કે તેહરાનને ક્યારેય પરમાણુ શસ્ત્રો પ્રાપ્ત કરવાની મંજૂરી આપવામાં આવશે નહીં.

એક ખાનગી રેડિયો ચેનલ સાથેના ઈન્ટરવ્યુમાં બોલતા ટ્રમ્પે ઈરાન વિરુદ્ધ અમેરિકી સૈન્ય કાર્યવાહીનો બચાવ કર્યો હતો અને સ્વીકાર્યું હતું કે, સંઘર્ષના પરિણામે અમેરિકનોને પેટ્રોલ અને ઊર્જાના વધુ ખર્ચનો સામનો કરવો પડી શકે છે.

યુએસ પ્રમુખે ભારપૂર્વક જણાવ્યું હતું કે, ઈરાનને ક્યારેય પરમાણુ હથિયાર વિકસાવવાની મંજૂરી આપવામાં આવશે નહીં અને દાવો કર્યો કે ઈરાનની લશ્કરી તાકત  નાશ પામી છે અને ઉમેર્યું  મિસાઈલ અને ડ્રોન બનાવવાની ક્ષમતા તેણે ગુમાવી દીધી છે. ઇરાન આર્થિક રીતે પણ પાયમાલ થયુ હોવાનો તેમણે ઉલ્લેખ કર્યો હતો.

# DAY HOCKEY- WORLD CUP

FIH હોકી વિશ્વ કપના બીજા પૂલ તબક્કાના પ્રથમ મેચમાં ભારતીય મહિલા ટીમ આજે એમ્સ્ટલફેનમાં યજમાન નેધરલેન્ડ્સ સામે રમશે. આ મેચ ભારતીય સમય મુજબ રાત્રે 9:30 વાગ્યે શરૂ થશે. નવા માળખા મુજબ પૂલ E માંથી ટોચની બે ટીમો સેમિફાઇનલ માટે ક્વોલિફાય થશે.

અગાઉ, ગઈકાલે ભારતે તેમની છેલ્લી પૂલ D મેચમાં ઇંગ્લેન્ડ સામે ગોલરહિત ડ્રો રમીને બીજા રાઉન્ડમાં પ્રવેશ કર્યો હતો. આ ડ્રોએ ટીમને પૂલ Dમાં મહત્વપૂર્ણ બીજું સ્થાન અપાવ્યું હતું.

# TERRITORIAL ARMY-HACKATHON

સંરક્ષણ, સાયબર સુરક્ષા અને માહિતી ક્ષેત્રમાં ઉભરતા પડકારો માટે નવીન ઉકેલો શોધવા ટેરિટોરિયલ આર્મીએ રાષ્ટ્રીય સ્તરની હેકાથોન, ટેરિયર સાયબર ક્વેસ્ટ 2026નો પ્રારંભ કર્યો છે. સાયબરપીસના સહયોગથી, શૈક્ષણિક, ઉદ્યોગ, સંશોધન સંસ્થાઓ, સરકારી સંગઠનો અને સશસ્ત્ર દળોમાંથી તકનીકી પ્રતિભાઓને એકત્ર કરવા માટે આ હેકાથોન શરૂ કરવામાં આવી છે.

સંરક્ષણ મંત્રાલયે જણાવ્યું હતું કે, આ પહેલ આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ (AI), સાયબર સુરક્ષા, ધમકીઓ પર કાબૂ મેળવવા અને ડિજિટલ જાગૃતિ સહિતના નવીન ક્ષેત્રો પર ધ્યાન કેન્દ્રિત કરશે. મંત્રાલયે આ અંગેની માહિતી આપતા જણાવ્યુ હતું કે, આ સ્પર્ધા ત્રણ ટ્રેક બગ હન્ટિંગ, AI કવચ અને ક્રિએટર્સ ચેલેન્જમાં યોજાશે.

સ્પર્ધા માટે નોંધણી 31 ઓગસ્ટ સુધી ખુલ્લી છે. ઓનલાઈન શોર્ટલિસ્ટિંગ તબક્કો 1 થી 10 સપ્ટેમ્બર દરમિયાન હાથ ધરવામાં આવશે, ત્યારબાદ 6 થી 8 ઓક્ટોબર દરમિયાન નવી દિલ્હીમાં ગ્રાન્ડ ફિનાલે યોજાશે.

# BWF WC - DAY 5 FIXTURES

બેડમિન્ટનમાં, ભારતીય શટલરો આજે નવી દિલ્હીમાં BWF વર્લ્ડ ચેમ્પિયનશિપ 2026માં પુરુષો અને મહિલા ડબલ્સના ક્વાર્ટર ફાઇનલમાં રમશે. સાત્વિકસાઈરાજ રેન્કીરેડ્ડી અને ચિરાગ શેટ્ટીની પુરુષોની ડબલ્સની જોડી ચીનના ખેલાડીઓ સામે રમશે. આ જોડીએ પ્રી-ક્વાર્ટર ફાઇનલમાં મલેશિયાની જોડીને 21-23, 21-19, 21-17 થી હરાવી હતી.

મહિલા ડબલ્સમાં, ટ્રીસા જોલી અને ગાયત્રી ગોપીચંદની ભારતીય જોડીનો સામનો ચોથી ક્રમાંકિત ચીનની જોડી સાથે થશે. આ જોડીએ પ્રી-ક્વાર્ટર ફાઇનલમાં સાતમા ક્રમાંકિત જાપાનના ખેલાડીઓને 21-16, 21-12 થી હરાવ્યા હતા.